જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૨/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૪૮૩ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ ઓટોરિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૪૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૪૧/૧૬

**વટવાઃ** હરેન્દ્રસિંહ સ/ઓ ભગવાનસિંહ ચૌહાણ (રહે. ગામ-ફતેહપૂર પોસ્ટ-ભદેહી તહસીલ-થાના– કિશની જિલ્લા- મૈનપુરી ઉત્તર પ્રદેશ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૨/૨૦૧૬ ના છ માસ બાદથી તા.૧/૧૨/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાની પુત્રી ને તેનો પતિ જગદીશ ઉર્ફે બબલુ સ/ઓ કિશનપાલસિંહ ભદોરીયા (રહે, સરીતા પાર્ક વટવા) તથા સાસરીયાના માનસિક અને શારીરીક ત્રાસના કારણે સાસરીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૪૨/૧૬

**દાણીલીમડાઃ** પ્રમોદકુમાર સુદામસિંગ ઠાકોર (રહે. જગદીશ મંદીરની ચાલી ચેપીરોગ હોસ્પીટલ સામે પીરણા રોડ બહેરામપુરા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧૨/૨૦૧૬ કલાક ૨/૦૦ થી સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, સાડીયો અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે.એલ.પટણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી:-** **સમાચાર યાદી નં.૨૨૪૩/૧૬**

**વસ્ત્રાપુરઃ** પુખરાજ રુપાભાઇ ચૌધરી (રહે. શેખાવટી દુકાનમાં સારંગપુર) એ તા.૩/૧૨/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૧૬ બપોરના ૩/૦૦ થી ૩/૧૫ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર ડ્રાઇવ ઇન રોડ મારુતી સેન્ટર પંજાબ હોન્ડા આગળ ટેમ્પોમાંથી કોમ્યુટર સ્પેરપાર્ટસના બે પાર્સલો કિમત રૂપિયા ૨,૧૬,૪૯૬/- મત્તાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૪૪/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** જતીનભાઇ મોહનભાઇ પટેલ (રહે. દેવર્ષિ બંગ્લોઝ અજંટા ઇલોરા એપાર્ટમેન્ટની સામે તુલીપ બંગ્લોઝની પાસે થલતેજ) એ ધંધામાં નુકસાની આવતા આર્થિક સંકડામણને લીધે તા.૨/૧૨/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. ભરતભાઈ ધુળાભાઈ ચલાવે છે.

**મણીનગરઃ** હિતેશભાઈ કનુભાઈ ધુસીયા (ઉ.વ.૩૧) (રહે. કાશીનાથની ચાલી, દક્ષીણી સોસાયટી મણીનગર) એ તા.૨/૧૨/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કોઈ કારણસર પોતાના ઘરે ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી કે વી બારીયા ચલાવે છે.

**કાગડાપીઠઃ** રુચિતાબહેન મનોહરલાલ સંઘાણી (ઉ.વ.૧૬) (રહે. ધનશ્યામ સોસાયટી જુના ઢોર બજાર કાંકરીયા) ને તેના માતાપિતાએ ગેમ નહી રમવાનુ કહી ભણવામાં ધ્યાન રાખવાનુ કહેતા મનમાં લાગી આવતા તા.૩/૧૨/૧૬ કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)